*નવી વર્ધિત પેન્શન યોજના.*
સ્વૈચ્છિક નિવૃત્તિ, ટેકનીકલ રીતે રાજીનામુ આપનાર કે પુનઃ નવી નિમણૂંક મેળવનાર કર્મચારીઓના કિસ્સાઓમાં જમા ફંડ બાબત.

ગુજરાત સરકાર
**નાણા વિભાગ**
સચિવાલય, ગાંધીનગર.
ઠરાવ ક્રમાંક : નપન-૧૦૨૦૧૧-(ડી-૨૪૫)-પી
**તારીખ :** ૦૧-૦૬-૨૦૧૩

વંચાણે લીધા :

(૧) ના.વિ. ના ઠરાવ ક્રમાંક : નપન-૨૦૦૩-જીઓઆઇ-૧૦-પી, તા ૧૮-૩-૨૦૦૫

(૨) Govt. Of India Ministry of Financeal Services, New Delhi ના D.O. No 1/3/2012-PR, Dated 17 Octobar, 2012

## ઠ રા વ

ભારત સરકારના તારીખ : ૧૭ ઓક્ટોબર, ૨૦૧૨ના અ.સ. પત્રથી નવી વર્ધિત પેન્શન યોજના હેઠળના ટેકનીકલ રાજીનામુ કે વય નિવૃત્તિ અગાઉ સ્વૈચ્છિક રીતે નોકરીમાંથી છૂટા થનાર અને પુનઃ નવી વર્ધિત પેન્શન યોજના હેઠળની નોકરીમાં પરત નિમણૂંક પામતા કર્મચારીઓના કિસ્સાઓમાં તેઓના ખાતે જમા ફંડ / ખાતા અંગે નિર્ણય કરાયેલ છે. જે બાબતોને ધ્યાને રાખી રાજય સરકારના નવી વર્ધિત પેન્શન યોજના હેઠળના કર્મચારીઓના કિસ્સામાં પણ નિર્ણય લેવાની બાબત રાજય સરકારની વિચારણા હેઠળ હતી.

**પુખ્ત** વિચારણાને અંતે રાજય સરકારના તા. ૧-૪-૨૦૦૫ કે ત્યારબાદ સરકારી સેવામાં નિમણૂંક પામેલ નવી વર્ધિત પેન્શન યોજના હેઠળના કર્મચારીઓના વય નિવૃત્તિના કિસ્સામાં તેઓના ખાતામાં જમા રકમ પૈકી ૬૦ ટકા રકમ રોકડમાં અને ૪૦ ટકા રકમ દર માસે વાર્ષિક રોકાણ (એન્યુઇટી-Annuity) તરીકે આપવાનું રહેશે. સ્વૈચ્છિક નિવૃત્તિના કિસ્સામાં કર્મચારીના પોતાના ખાતામાં જમા રકમ પૈકી ૨૦ ટકા રકમ રોકડમાં અને બાકીના ૮૦ ટકા રકમનું રોકાણ કરી દર માસે વાર્ષિક રોકાણ (એન્યુઇટી-Annuity)ના રૂપે તેઓને આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

સરકારશ્રીના એક વિભાગમાંથી અન્ય વિભાગ અથવા કચેરી / સંસ્થામાં સ્વૈચ્છિક રીતે છૂટા થઇ અથવા ટેકનીકલ રાજીનામુ આપી અથવા નવી નિમણુંક મેળવી પુનઃ નવી નોકરીમાં જોડાનાર કર્મચારીઓના કિસ્સામાં પ્રથમ નિમણૂંક સમયે

(પાછળ...)

નવી વર્ધિત પેન્શન યોજના હેઠળનું ખાતુ ખોલાવેલ હોય તો પુનઃ નવુ ખાતુ ખોલાવવાને બદલે તેમના અગાઉની નિમણૂંક વખતે ખોલાવાયેલ ખાતામાં જમા થયેલ રકમને અન્ય નવી નિમણૂંકની જગ્યા કે જયાં નવી વર્ધિત પેન્શન યોજના અમલમાં હોય તેવી નવી નિમણૂક થતાં તેમાં નવુ ખાતુ ખોલાવવાનું રહેતુ નથી પરંતુ અગાઉ ખોલાવેલ ખાતાના **PRAN** નંબરમાંજ રકમ જમા કરાવવાનું ચાલુ રાખવાનું આથી ઠરાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( શૈલજા પટેલ )
સંયુકત સચિવ (પેન્શન અને તિજોરીઓ)
નાણા વિભાગ.

**પ્રતિ,**

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
  માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, ગાંધીનગર.
  માનનીય મંત્રીશ્રીઓ / રાજય કક્ષાના મંત્રીશ્રીઓ / નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
  માનનીય વિરોધપક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત મૂલ્કી સેવા-ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
  સચિવાલયના સર્વે વિભાગો / તમામ ખાતાના વડાઓ / તમામ કર્મચારીઓના વડાઓ.
  એકાઉન્ટન્ટ જનરલશ્રી, (એ એન્ડ ઇ) ગુજરાત રાજય, અમદાવાદ રાજકોટ
  એકાઉન્ટન્ટ જનરલશ્રી, (ઓડિટ-૧, ૨) અમદાવાદ, રાજકોટ
  સર્વે કલેકટરશ્રીઓ, સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
  નિયામકશ્રી, હિસાબ અને તિજોરી કચેરી, ગાંધીનગર.
  નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર.
  નિરિક્ષકશ્રી, સ્થાનિક ભંડો હિસાબની કચેરી, ગાંધીનગર.
  સર્વે જિલ્લા સહાયક નિરિક્ષકશ્રીઓ, સર્વે તિજોરી અધિકારીઓ/ પેટા તિજોરી અધિકારીઓ
  પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ / ગાંધીનગર / નર્મદા વડોદરા
  સ્થાનિક ઓડિટ અધિકારી, અમદાવાદ ગાંધીનગર.
  સર્વે નિગમ / બોર્ડ / યુનિવર્સિટીઓ રાજય સરકારના જાહેર સાહસો.
  નાણા વિભાગની તમામ શાખાઓ, સર્વે અધિકારીશ્રીઓ (નાણા શાખાઓ સહીત)
  સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગની વેબ સાઇટ ઉપર મૂકવા સારૂ
  <u>પસંદગી ફાઇલ - પી. શાખા</u>
- પત્ર દ્વારા